# રામે દીધો છે રુડો રોટલો

રામે દીધો છે રૂડો રોટલો રે (૨)
કોઈને ખવરાવીને ખાવ. જરા જોઈને જમતા જાવ      રામે
પરસેવો અંગે પાડજો રે. ખોટા ખેલો ના દાવ      (૨)
અવિનાશી આવસે આંગણે. દિલ રાખો દરિયાવ      (૨) રામે
ટુકડો દેજો રે ભલી ભાતથી રે,નહિં અંતર કોચવાય  (૨)
સાથે માનવી રે શું લઈ જતા, ગયા રંક અને રાય   (૨) રામે
સાચા રે સંત સમજી ગયા રે  જેને ભક્તિમાં ભાવ  (૨)
ખાધું પીધું ને વાપર્યું , લીધો જીવનનો લાવ...      (૨) રામે
જાઓ વિરપુર સતાધારમાં રે તમે તુલસીશ્યામ જાવ
પછી જજો પરબવાવડી, ધાન ઢેબરે ધરાવ      (૨) રામે
ટુકડાથી રામ ઢૂંકડો  રે, એવું મનને સમજાવ      (૨)
કહેવા ન માંગુ હું તો કોઈને, ઘડયો ઘટમાં ઠરાવ   (૨) રામે
ભાતું જોશે રે સંગાથમાં રે,  વીરા કંઈક તો કમાવ   (૨)
પુરુષોત્તમ  બાંધજો પોટલા,  વાટે ખંતેથી ખાવ      (૨) રામે

રામે દીધો છે રુડો રોટલો